ક્રમાંક : ધ/માધ્ય/અનદ-૧/આચાર્યભરતી/૨૦૧૯/ ૨૦૦૯૯ - ૨૦૧૩૩

કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર તા. ૧૯/૭/૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

વિષય : રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા બાબત

સંદર્ભ:- (૧) સહાયક અનુદાન ૧૯૬૪ ના નિયમ સંગ્રહની કલમ ૮૫.૪ અને કલમ ૯૫ની જોગવાઈ
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧/૨૦૧૧/૧૬૭૦૩૬/ગ તા.૦૬/૦૭/૧૩
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૧૦૭૪/ગ તા.૧૪/૦૭/૧૭
(૪) ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી અંગે તા.૦૭/૧૦/૧૭ના રોજ આપવામાં આવેલ જાહેરાત
(૫) આ કચેરીના પત્ર ક્રમાંક:ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૪૦૨૫-૧૪૦૫૮ તા.૨૧/૫/૧૯
(૬) આ કચેરીના પત્ર ક્રમાંક:ધ/અનદ-૧/માધ્ય/૨૦૧૮/૧૮૬૧૦-૪૩ તા.૦૩/૦૭/૧૯

મહાશય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ વિભાગના તા.૨૫/૭/૨૦૧૭ના જાહેરનામા તેમજ વખતોવખત થયેલા સુધારા અન્વયે તા.૦૭/૧૦/૧૭ની જાહેરાતમાં શાળાની માંગણી મુજબ સામેલ કરેલ ૨૧૩૬ ખાલી જગ્યાઓ પર હાથ ધરેલ આચાર્યની ભરતી પ્રક્રિયા અંતર્ગત રાજ્ય કક્ષાની સમિતી દ્વારા જાહેરાતમાં સમાવેલ શાળાઓમાં આચાર્યની ખાલી જગ્યા પર જિલ્લા કક્ષાની શાળા પસંદગી સમિતિના ઈન્ટરવ્યુ માટે ઉમેદવારોની ફાળવણી કરવામાં આવેલ છે અને જિલ્લા કક્ષાની શાળા પસંદગી સમિતિ દ્વારા ઈન્ટરવ્યુની કાર્યવાહી કરવા અંગે આ કચેરીના સંદર્ભ-૫ માં જણાવેલ તા.૨૧/૦૫/૧૯ના પત્રથી સૂચના આપવામાં આવેલ છે.

રાજ્યની કેટલીક રજિસ્ટર્ડ બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી પ્રક્રિયા માટે અગાઉ ખાલી જગ્યાની વિગતો શાળાઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને આપવામાં આવેલ અને તે આધારે આચાર્યની ભરતી પ્રક્રિયામાં શાળાઓને ઉમેદવારોના મેરીટના આધારે જિલ્લા કક્ષાની શાળા પસંદગી સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુની કાર્યવાહી માટે ફાળવણી કરેલ છે. આમ છતાં કેટલીક શાળાના સંચાલક મંડળો દ્વારા (૧) ઈન્ટરવ્યુ પ્રક્રિયા ન યોજવા અંગેની રજુઆત કરેલ છે (૨) કેટલીક શાળાઓએ ઈન્ટરવ્યુ કોલ લેટર ઈસ્યુ કર્યા બાદ નિયત સમયે ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં હાજર રહેલ નથી. તેની વિગતો ધ્યાને આવેલ છે.

ઉપરોક્ત કિસ્સાઓમાં પ્રાથમિક દ્રષ્ટિએ સહાયક અનુદાન નિયમ સંગ્રહ-૧૯૬૪ની કલમ ૮૫.૪ નું પાલન થયેલું જણાયેલ નથી. જે અન્વયે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપની કક્ષાએથી આ અંગેની ચકાસણી કરી, અનુદાન નિયમ સંગ્રહ-૧૯૬૪ કલમ ૯૫ ની જોગવાઈઓ અન્વયે સહાયક અનુદાન મેળવતી/ ફી વિકલ્પ ધરાવતી શાળાઓ સામે તાત્કાલિક નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)

બિડાણ: ઉપર મુજબ